ઈરાક અને અમેરિકા વચ્ચે જીઓપોલિટીકલ ટેન્શન સાથે ઈઝરાયલે હમાસની યુદ્ધવિરામની ઓફર ફગાવી દેતાં ટેન્શન

# ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ પર ભારતીય શેરબજારની નજર રહેશે



નવી દિલ્હી, તા.૧૧

વૈશ્વિક સ્તરે ચાઈનામાં ડિફ્લેશનની સ્થિતિ અને ઈરાક અને અમેરિકા વચ્ચે જીઓપોલિટીકલ ટેન્સન સાથે ઈઝરાયેલે હમાસની યુદ્ધ વિરામની ઓફર ફગાવી દેતાં ટેન્શન વધવાની શકયતાએ ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ વધી આવ્યા સાથે વૈશ્વિક શેરબજારમાં સાવચેતી સામે ભારતીય શેરબજારમાં ફોરેન ફંડોની વેચવાલી અટકી સાધારણ ચોખ્ખી ખરીદી કરતા સપ્તાહના અંતે ઉછાળો જોવા મળ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પ્રમુખ રેટ જાળવી રાખતાં અને વ્યાજ દર ઘટાડાનો કોઈ સંકેત નહીં આપતાં શેરોમાં ઘટાડો નોંધાયા બાદ ઈન્ડેક્સ બેઝડ બે-તરફી સાથે ફંડોએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની આગેવાનીએ બેંકિંગ-ફાઈનાન્સ શેરો તેમજ ફ્રન્ટલાઈન ફાર્મા, એફએમસીજી, કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં તેજી કરી બજારને પોઝિટીવ રાખ્યું હતું.

જાન્યુઆરી માસના મધ્યમાં ભારત હોંગકોંગને પાછળ મૂકી વિશ્વની ચોથી મોટી ઈક્વિટી બજાર બન્યું હતું. વૈશ્વિક રોકાણકારો દ્વારા ચીનમાંથી પાછા ખેંચાઈ રહેલા રોકાણમાંથી મોટાભાગનો હિસ્સો ભારતીય બજાર તરફ વળી રહ્યાનું પણ પ્રાપ્ત અહેવાલો સંકેત આપી રહ્યા છે. ગોલ્ડમેન સાક્સ તથા મોર્ગન સ્ટેન્લી જેવા વોલ સ્ટ્રીટના મોટા ફન્ડ હાઉસો આગામી એક દાયકા માટે ભારતને ઈન્વેસ્ટમેન્ટસના મુખ્ય મથક તરીકે જોઈ રહ્યા છે. છેલ્લા બે દાયકામાં ભારતનો આર્થિક વિકાસ દર અને માર્કેટ કેપ સમાંતર રીતે વધ્યા છે. ભારતનો આર્થિક વિકાસ દર ૭% જળવાઈ રહેશે તો શેરબજારનું કદ પણ આજ દરે વધતુ રહેવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. જાપાનના રિટેલ રોકાણકારો ચીનની બજારને જાકારો આપી રહ્યા હોવાના ગયા સપ્તાહના અહેવાલ બાદ હવે અમેરિકાના ફન્ડ હાઉસો પણ ચીનમાંથી પોતાના રોકાણ ભારત તરફ વાળી રહ્યા હોવાના અહેવાલથી ભારતીય બજારોનું સેન્ટિમેન્ટ મજબૂત બનવાની શકયતા નકારાતી નથી. ઉપરાંત આગામી દિવસોમાં વૈશ્વિક બજારોમાં કેવો ટ્રેન્ડ લાવે છે એના પર પણ ભારતીય શેરબજારની ચાલ નિર્ભર રહેશે તેમજ ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ અને રૂપિયા સામે અમેરિકી ડોલરના મૂલ્યમાં વધઘટ પર ભારતીય શેરબજારની નજર રહેશે.

**વૈશ્વિક રોકાણકારો દ્વારા ચીનમાંથી પાછા ખેંચાઈ રહેલા રોકાણમાંથી મોટાભાગનો હિસ્સો ભારતીય બજાર તરફ વળી રહ્યાનું પણ પ્રાપ્ત અહેવાલો**

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના ૨૧ ડિસેમ્બર ૧૯૧૧ના રોજ ''ધ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા લિમિટેડ'' તરીકે કરવામાં આવી હતી. વર્ષ ૧૯૬૯માં ૧૩ અન્ય મોટી વ્યાપારી બેંકો સાથે બેંકનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું અને હાલમાં તે ભારત સરકારની માલિકીની છે. બેંકનું નામ બદલીને ''સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા'' રાખવામાં આવ્યું. ભારતમાં ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેમની શાખાઓ છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા એ જાહેર ક્ષેત્રની બેંકિંગ સંસ્થા ભારતની સૌથી જૂની અને સૌથી મોટી વ્યાપારી બેંકોમાંની એક છે. બેંકનો મુખ્ય વ્યવસાય થાપણો ધિરાણ આપવા અને રોકાણ કરવાનો છે. બેંક મધ્યમ કદના અને નાના વ્યવસાયો અને સરકારી સંસ્થાઓ સહિત કોર્પોરેટ અને વ્યાપારી ગ્રાહકોને વ્યાપારી બેંકિંગ ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરે છે. બેંક મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનની રાજ્ય સરકારો સાથે મળીને ૭ પ્રાદેશિક ગ્રામીણ બેંકોને સ્પોન્સર કરે છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પબ્લિક બેંક સેકટરની છ/ ૧ ગ્રુપની અગ્રણી કંપની છે. આ કંપનીની ફેસવેલ્યુ રૂ.૧૦ છે. વર્તમાન ભાવે આ કંપનીની માર્કેટકેપ વેલ્યૂ અંદાજીત રૂ.૫૯,૦૦૪.૩૫ કરોડ છે. આ કંપનીનું કુલ ટર્નઓવર અંદાજીત રૂ.૨૯.૭૮ કરોડ છે. આ કંપનીનો શેર બાવન સપ્તાહ દરમિયાન વધીને રૂ.૭૬.૮૫ અને ઘટીને રૂ.૨૨.૨૫ થયો છે.પૂર્ણ નાણાકીય વર્ષ એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ : ચોખ્ખું વેચાણ રૂ.૨૨,૮૦૧.૬૫ કરોડની તુલનાએ વધીને રૂ.૨૫,૫૪૧.૮૯ કરોડ મેળવીને એનપીએમ ૬.૧૯% થકી ચોખ્ખો નફો રૂ.૧૦૪૪.૮૩ કરોડની તુલનાએ વધીને રૂ.૧૫૮૨.૨૦ કરોડનો નફો હાંસલ કરી શેર દીઠ આવક રૂ.૧.૮૨ નોંધાવી છે. પ્રથમ ત્રિમાસિક જુલાઈ ૨૦૨૩ થી સપ્ટેમ્બર ૨૦૨૩ ચોખ્ખું વેચાણ રૂ.૭૨૨૫.૨૮ કરોડથી વધીને રૂ.૭૩૫૦.૬૬ કરોડ મેળવીને એનપીએમ ૮.૨૪% થકી ચોખ્ખો નફો રૂ.૪૧૮.૪૩ કરોડની તુલનાએ વધીને રૂ.૬૦૫.૪૩ કરોડનો નફો હાંસલ કરી શેર દીઠ આવક રૂ.૦.૭૦ નોંધાવી છે. બીજું ત્રિમાસિક ઓક્ટોબર ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૩ ચોખ્ખું વેચાણ રૂ.૭૩૫૦.૬૬ કરોડથી વધીને રૂ.૭૮૦૯.૨૧ કરોડ મેળવીને એનપીએમ ૯.૧૯% થકી ચોખ્ખો નફો રૂ.૬૦૫.૪૩ કરોડની તુલનાએ વધીને રૂ.૭૧૭.૮૬ કરોડનો નફો હાંસલ કરી શેર દીઠ આવક રૂ.૦.૮૩ નોંધાવી છે.પબ્લિક બેંક સેકટરની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૬૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૫૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૭૮ થી રૂ.૯૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે.

## માઈક્રો સોફ્ટે ઈતિહાસ રચ્યો

# કંપનીના શેરમાં વધારાના કારણે માઈક્રો સોફ્ટે મોટો આંકડો પાર કર્યો

નવી દિલ્હી, તા.૧૧

દિગ્ગજ ટેક કંપની માઈક્રો સોફ્ટના શેર હાલમાં ઉછાળા પર છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં કંપની દ્વારા ઉઠાવાયેલા પહેલા પગલાના કારણે ભારે નફો થઈ રહ્યો છે. કંપનીના શેરમાં આવેલા વધારાના કારણે માઈક્રોસોફ્ટે મોટો આંકડો સફળતા સાથે પાર કર્યો છે. જ્યાં કોઈ કંપની પહોંચી શકી નથી.

માઈક્રોસોફ્ટનું માર્કેટ કેપ અઠવાડિયાના અંતમાં ૩.૧૨૫ ટ્રિલિયન ડોલર થયું હતું. બેરંસના એક રિપોર્ટ અનુસાર માઈક્રોસોફ્ટના શેરમાં ઉછાળાના કારણે એપલથી પણ વધારે ઉછાળો આવ્યો છે. શુક્રવારે એપલનું માર્કેટ કેપ ૨.૯૧૬ ટ્રિલિયન ડોલર થયું હતું. સૌથી વધુ માર્કેટ કેપનો રેકોર્ડ આઈફોન નિર્માતા કંપની એપલના નામે હતો.

એપલે જુલાઈમાં ૩.૦૯ ટ્રિલિયન ડોલરનું માર્કેટ કેપ બનાવી લીધું હતું. રિપોર્ટ અનુસાર અમેરિકાની પહેલી કંપની માઈક્રોસોફ્ટ બની છે જેણે ૩.૧૨૫ ટ્રિલિયન ડોલરનો માર્કેટ કેપ પાર કર્યો છે. માઈક્રોસોફ્ટનો શેર શુક્રવારે ૪૨૦.૫૫ ડોલરના રેટ પર બંધ થયો હતો.

એઆઈ સેક્ટરમાં ઓપન એઆઈની સાથે માઈક્રોસોફ્ટની પાર્ટનરશીપથી બંને કંપનીઓને ફાયદો થઈ રહ્યો છે. ઓપન એઆઈનું બનાવાયેલું ચેટ જીપીટી દુનિયામાં લોકપ્રિય થઈ રહ્યું છે. લોકોમાં એઆઈના ઉપયોગને લઈને ઉત્સાહ છે. આ કારણ છે કે વધારે રોકાણકારો માઈક્રોસોફ્ટના સ્ટોક પર રૂપિયા લગાવી રહ્યા છે. છેલ્લા ૧૨ મહિનામાં માઈક્રોસોફ્ટના શેર લગભગ ૬૦ ટકા વધારે ઉછાળા સાથે જોવા મળ્યા છે.

માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાએ હાલમાં કહ્યું કે અમે એઆઈને વિશે વાત કરવાથી આગળ નીકળીને તેનો ઉપયોગ કરવાની પ્રક્રિયામાં આવી ચૂક્યા છે. અમને નવા ગ્રાહકો મળી રહ્યા છે. તેનાથી નવો ફાયદો કંપનીને થઈ રહ્યો છે. સત્ય નડેલાએ હાલમાં માઈક્રોસોફ્ટના સીઈઓના રૂપમાં પોતાના ૧૦ વર્ષ પૂરા કર્યા છે. તેઓએ ક્લાઉડ કમ્પ્યુટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ફોકસ કરીને સોફ્ટવેયર કંપની માઈક્રોસોફ્ટને નવી દિશા બતાવી છે. નડેલાએ વર્ષ ૨૦૧૪માં કંપનીની કમાન સંભાળી હતી.

## બુલિયન બજાર સત્તાવાર બંધ રહ્યું

# સોના-ચાંદીમાં ઘટાડો પ્લેટીનમ મોંઘું જ્યારે પેલેડીયમ સસ્તું થતાં આશ્ચર્ય



મુંબઈ ,તા.૧૧

મુંબઈ ઝવેરી બજારમાં કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે વિશ્વબજાર પાછળ સોના-ચાંદીના ભાવ ઘટાડા પર રહ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશદીઠ ૨૦૩૧થી ૨૦૩૨ વાળા નીચામાં ૨૦૨૦થી ૨૦૨૧ થઈ છેલ્લે સપ્તાહના અંતે ૨૦૨૪થી ૨૦૨૫ ડોલર રહ્યા હતાઅમેરિકામાં જોબ માર્કેટ મજબુત બની છે અને તેના પગલે ડોલરમાં વૈશ્વિક સ્તરે મજબુતાઈ વધતાં વિશ્વબજારમાં સોનામાં ફંડોનું સેલીંગ જોવા મળ્યું હતું. અમેરિકામાં હવે મંગળવારે બહાર પાડનારા રિટેલ ફુગાવાના આંકડાઓ પર બજારની નજર રહી હતી. દરમિયાન, વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંશના ૨૨.૬૪થી ૨૨.૬૫ વાળા નીચામાં ૨૨.૩૬થી ૨૨.૩૭ થઈ છેલ્લે ભાવ ૨૨.૬૧થી ૨૨.૬૨ ડોલર રહ્યા હતા. અમદાવાદ બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૦ તૂટી ૯૯.૫૦ના રૂ.૬૪૩૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૬૪૬૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૭૧૫૦૦ રહ્યા હતા.

વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૮૮૪થી ૮૮૫ વાળા નીચામાં ૮૬૯થી ૮૭૦ થઈ ૮૭૭થી ૮૭૮ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૮૯૭થી ૮૯૮ વાળા નીચામાં ૮૬૦ થઈ ૮૬૧થી ૮૬૨ ડોલર છેલ્લે રહ્યા હતા. વિશ્વબજારમાં પ્લેટીમના ભાવ ઉંચા તથા પેલેડીયમના ભાવ તેની સરખામણીએ નીચા બોલાતા થતાં વૈશ્વિક ખેલાડીઓ આજે આશ્ચર્ય બતાવી રહ્યા હતા. વિશ્વબજારમાં કોપરના ભાવ ઘટી છેલ્લે ૦.૫૫ ટકા નરમ રહ્યા હતા. વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવમાં તેજી આગળ વધી હતી. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૮૧.૫૧ વાળા ઉંચામાં ૮૨.૪૫ થઈ છેલ્લે ભાવ ૮૨.૧૯ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડતેલના ભાવ ૭૬.૨૩ વાળા ઉંચામાં ૭૭.૨૯ થઈ છેલ્લે ૭૬.૮૪ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૬૨૩૭૩ વાળા રૂ.૬૨૧૭૫ જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૬૨૬૨૪ વાળા રૂ.૬૨૪૨૫ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૭૦૬૩૮ વાળા રૂ.૭૦૪૦૦ રહ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૩.૦૩ વાળા રૂ.૮૩.૦૪થી ૮૩.૦૫ બોલાઈ રહ્યા હતા.

**રૂપિયા સામે ડોલરમાં આગેકૂચ કોપર ઘટયું**

## વીજ સંચાલિત ટુ વ્હીલર્સ માટે ઊંચા ભાવે આકર્ષણ : ફેમ-ટુ હેઠળ સબસિડી ૪૦ટકા પરથી ઘટાડી ૧૫ ટકા કરાઈ

મુંબઈ, તા.૧૧

સબસિડીમાં ઘટાડા છતાં દેશમાં વીજ સંચાલિત ટુ વ્હીલર્સ માટે ઊંચા ભાવે પણ આકર્ષણ જળવાઈ રહ્યું છે. વીજ સંચાલિત ટુ વ્હીલર્સનો વેચાણ આંક વર્તમાન નાણાં વર્ષમાં અત્યારસુધી ૭૩૪૭૬૦ વાહનો રહ્યો છે જે ગયા સંપૂર્ણ નાણાં વર્ષમાં ૭૨૮૨૭૧ રહ્યો હતો. ફાસ્ટર એડોપ્શન એન્ડ મેન્યુફેકચરિંગ ઓફ ઈલેકટ્રીક વ્હીકલ્સ ઈન ઈન્ડિયા (ફેમ-ટુ) સ્કીમ હેઠળ એકસ-ફેકટરી ભાવ પર સબસિડી જે ૪૦ ટકા અપાતી હતી તે ઘટાડી ૧૫ ટકા કરાઈ છે. રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં ભારે ઉદ્યોગ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન કૃષ્ણ પાલ ગુર્જરે જણાવ્યું હતું કે, સબસિડીમાં ઘટાડા છતાં વીજ સંચાલિત ટુ વ્હીલર્સના વેચાણમાં ઘટાડો જોવા મળ્યો નથી. વર્તમાન નાણાં વર્ષને પૂરું થવામાં હજુ ચાલીસ દિવસ બાકી છે ત્યારે વીજ સંચાલિત ટુ વ્હીલર્સના વેચાણમાં વધારો દેશમાં વીજ વાહનોનું ભાવિ પ્રોત્સાહક રહેવાના સંકેત આપે છે. દેશમાં વીજ સંચાલિત વાહનોનો સ્વીકાર વધારવા સરકાર ફેમ સ્કીમ હેઠળ તેના પર સબસિડી પૂરી પાડે છે. સબસિડી પૂરી પાડવાની નીતિ એપ્રિલ ૨૦૧૯થી લાગુ કરવામાં આવી છે. આ સ્કીમ હેઠળ ઉત્પાદકો નહીં પરંતુ ખરીદદારોને સબસિડી આપવામાં આવે છે. દેશમાં વીજ વાહનોના વેચાણમાં વધારો કરવા સબસિડી ઉપરાંત ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં ઘટાડો કરવાની પણ ઉદ્યોગની લાંબા સમયની માગણી રહી છે.

## Paytm પેમેન્ટ્સ બેંકના બે ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટરોનું રાજીનામું

# RBIની કાર્યવાહી બાદ શિંજિની કુમાર અને મંજુ અગ્રવાલ બોર્ડમાંથી હટયાં



**આરબીઆઈને પેટીએમના કેવાયસીમાં મોટી ગેરરીતિઓ મળી હતી, જેના કારણે ગ્રાહકો ગંભીર જોખમમાં હતા**

મુંબઈ, તા.૧૧

ભારતીય રિઝર્વ બેંક એટલે કે RBIની કાર્યવાહી બાદ પેટીએમની કંપની પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડના બે ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટરોએ રાજીનામું આપી દીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શિંજિની કુમાર અને મંજુ અગ્રવાલ કંપનીના બોર્ડમાંથી રાજીનામું આપી ચુક્યા છે.

Paytm પેમેન્ટ્સ બેંકના બોર્ડમાં હવે માત્ર ત્રણ સ્વતંત્ર ડિરેક્ટરો બાકી છે. તેમાં પંજાબ એન્ડ સિંધ બેંકના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અરવિંદ કુમાર જૈન, એક્સેન્ચરના ભૂતપૂર્વ એમડી પંકજ વૈશ અને DPIITના ભૂતપૂર્વ સચિવ રમેશ અભિષેકનો સમાવેશ થાય છે. જોકે, ડિરેક્ટરોના રાજીનામા અંગે કંપની તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી. શિંજિની કુમારે પેટીએમ પેમેન્ટ્સ બેંક પહેલા સિટી બેંક, પીડબલ્યુસી ઈન્ડિયા અને બેંક ઓફ અમેરિકા મેરિલ લિંચમાં કામ કર્યું છે. મંજુ અગ્રવાલે ૩૪ વર્ષ સુધી SBIમાં વિવિધ હોદ્દા પર કામ કર્યું. તે ડેપ્યુટી એમડીના પદ પરથી નિવૃત્ત થયા હતા. Paytm પેમેન્ટ્સ બેંકના બે ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટરોનું રાજીનામું. RBIની કાર્યવાહી બાદ શિંજિની કુમાર અને મંજુ અગ્રવાલ બોર્ડમાંથી હટ્યા, હવે કંપનીમાં ત્રણ ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટર વધ્યા RBIની કાર્યવાહી બાદ Paytmની પેરેન્ટ કંપની વન-97 કોમ્યુનિકેશન્સ (OCL)ના બોર્ડે એક ગ્રુપ એડવાઈઝરી કમિટીની રચના કરી છે. કંપનીએ જણાવ્યું હતું કે અનુપાલન અને નિયમનકારી બાબતોને વધુ મજબૂત કરવા માટે બોર્ડ સાથે કામ કરવા માટે એક જૂથ સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે.

સેબીના ભૂતપૂર્વ વડા એમ. દામોદરન આ સમિતિની અધ્યક્ષતા કરશે. આ સમિતિમાં મુકુંદ મનોહર ચિતાલે જેવા અનુભવી વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે, ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI)ના ભૂતપૂર્વ પ્રમુખ, જેમને RBI દ્વારા નામાંકિત કરવામાં આવ્યા હતા. ચિતાલે બેંકિંગ કોડ્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ બોર્ડ ઓફ ઈન્ડિયા (NACAS)ના ભૂતપૂર્વ ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય પણ છે. ચિતાલે ઉપરાંત, પેનલમાં આંધ્ર બેંકના ભૂતપૂર્વ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર આર. રામચંદ્રન જેવા બેંકિંગ નિષ્ણાતોનો પણ સમાવેશ થાય છે. Paytm પેમેન્ટ્સ બેંકના બે ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટરોનું રાજીનામું:RBIની કાર્યવાહી બાદ શિંજિની કુમાર અને મંજુ અગ્રવાલ બોર્ડમાંથી હટ્યા, હવે કંપનીમાં ત્રણ ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટર વધ્યા ૩૧ જાન્યુઆરીના રોજ, RBIએ પ્રુડેન્શિયલ રેગ્યુલેશન્સ સાથે લાંબા ગાળાના બિન-અનુપાલનને ટાંકીને Paytm પેમેન્ટ્સ બેંક પર મોટા વ્યવસાયિક નિયંત્રણો લાદ્યા છે. આરબીઆઈને પેટીએમના કેવાયસીમાં મોટી ગેરરીતિઓ મળી હતી, જેના કારણે ગ્રાહકો ગંભીર જોખમમાં હતા. Paytmએ લાખો ગ્રાહકોની KYC નથી કરી. લાખો ખાતાઓનું PAN વેલિડેશન થયું ન હતું. એકથી વધુ ગ્રાહકો માટે સિંગલ પાનનો ઉપયોગ થતો હતો. ઘણી વખત બેંક દ્વારા આરબીઆઈને ખોટી માહિતી આપવામાં આવી હતી. આરબીઆઈને મોટી સંખ્યામાં નિષ્ક્રિય ખાતા પણ મળ્યા હતા.



## જેફ બેઝોસે એમેઝોનના ૧.૨ કરોડ શેર વેચ્યા

# આગામી ૧૨ મહિનામાં કંપનીના ૫૦ મિલિયન શેર વેચવાની યોજના

નવી દિલ્હી, તા.૧૧

એમેઝોનના સ્થાપક જેફ બેઝોસે કંપનીના ૧૨ મિલિયન શેર વેચ્યા છે. વેચાયેલા શેરની કિંમત બે અબજ ડોલર (આશરે રૂ. 16 હજાર કરોડ) થી વધુ છે.

બેઝોસે આ શેર બુધવાર અને ગુરુવારે વેચ્યા હતા. જેફ બેઝોસે ૨૦૨૧ પછી પહેલીવાર એમેઝોનના શેર વેચ્યા છે. 2 ફેબ્રુઆરીએ એમેઝોને જણાવ્યું હતું કે એમેઝોનના જેફ બેઝોસ આગામી ૧૨ મહિનામાં કંપનીના 50 મિલિયન શેર વેચવાની યોજના બનાવી રહ્યા છે. આ શેરોની કુલ કિંમત લગભગ ૯ અબજ ડોલર (લગભગ ૭૪ હજાર કરોડ રૂપિયા) છે. કંપનીના વાર્ષિક અહેવાલ મુજબ, શેર વેચવાની આ યોજના ગયા વર્ષે ૮ નવેમ્બરે શરૂ કરવામાં આવી હતી અને તે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થશે.

જેફ બેઝોસે ૨૦૦૨ થી ૨૦૨૧ દરમિયાન $30 બિલિયન (આશરે રૂ. ૨.૪૯ લાખ કરોડ)ના શેર વેચ્યા હતા. વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં સૌથી વધુ શેર વેચાયા હતા. આ બે વર્ષમાં કુલ ૨૦ અબજ ડોલર (આશરે રૂ. ૧૬.૨૭ લાખ કરોડ)ના શેરનું વેચાણ થયું હતું.

**જેફ બેઝોસ દુનિયાની ત્રીજી સૌથી અમીર વ્યક્તિ**

જેફ બેઝોસે ઈન્ટરનેટ પર કેટલીક પુસ્તકો વેચીને એમેઝોનની શરૂઆત કરી અને કંપનીને આ સ્થાને લઈ જવામાં તેમણે કોઈ કસર છોડી નહીં. બેઝોસે થોડા વર્ષો પહેલા આ વિશે જણાવ્યું હતું કે મેં ૫ જુલાઈ 1994માં મારી કંપનીની સ્થાપના કરી હતી. જેફ બેઝોસે 5 જુલાઈ, 2021ના રોજ એમેઝોનના સીઈઓ પદેથી રાજીનામું આપ્યું.

ફોર્બ્સની રિયલ ટાઈમ બિલિયોનેર લિસ્ટ અનુસાર જેફ બેઝોસ દુનિયાના ત્રીજા સૌથી અમીર વ્યક્તિ છે. તેમની કુલ સંપત્તિ 196 અબજ ડોલર (આશરે 16.20 લાખ કરોડ રૂપિયા) છે.

આ યાદીમાં ફ્રાન્સના અબજોપતિ અને લૂઈસ વિટન મોટ હેનેસી (LVMH)ના CEO બર્નાર્ડ આર્નોલ્ટ ઈ૨૧૯ બિલિયન (આશરે રૂ. ૧૮.૧૮ લાખ કરોડ)ની નેટવર્થ સાથે ટોચ પર છે. જ્યારે ટેસ્લા અને એક્સના માલિક એલોન મસ્કની કુલ સંપત્તિ 202 અબજ ડોલર (આશરે રૂ. 16.76 લાખ કરોડ) છે અને તે વિશ્વના બીજા સૌથી ધનિક વ્યક્તિ છે.

## મહિલાઓની ભાગીદારી ૫ વર્ષમાં ૩૨ ટકા વધી

નવી દિલ્હી : દેશના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઇ)માં મહિલાઓની ભાગીદારી પાંચ વર્ષમાં ૩૨ ટકા વધી છે. ૨૦૧૯-૨૦માં ૨૫.૫૧ લાખ એમએસએમઇ હતાં. એ વખતે તે પૈકી ૨૧.૫૩ ટકા કારોબારને મહિલાઓ સંભાળી રહી હતી. હવે આ આંકડો વધીને ૫૩.૫૮ ટકા સુધી પહોંચી ગયો છે. એટલે કે દેશમાં ૧.૯૮ કરોડ એમએસએમઇ પૈકી ૫૩ ટકાની માલિક મહિલાઓ છે. આ વખતે ૧.૦૬ કરોડ એમએસએમઇની માલિક મહિલાઓ છે.

ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપસી કોડ, ૨૦૧૬ હેઠળ સંપત્તિના વેચાણ માટેની સૂચના

**સોર્ટ ઇન્ડિયા એન્વિરો સોલ્યુશન્સ લિમિટેડ (લિક્વિડેશનમાં)**

(માનનીય NCLT, અમદાવાદ બેંચના ૨૫.૦૮.૨૦૨૨ ના આદેશ દ્વારા લિક્વિડેશન પ્રક્રિયા હેઠળની કંપની)

કંપનીની ઓફિસ: "શંકરવાડી", શાસ્ત્રી બ્રિજ પાસે, નવા યાર્ડ રોડ, ફતેગંજ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૨

ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપસી કોડ, ૨૦૧૬ ("સંહિતા") હેઠળ, માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેંચ દ્વારા નિયુક્ત લિક્વિડેટર દ્વારા, ફડચા સંપત્તિનો ભાગ બનતી સોર્ટ ઇન્ડિયા એન્વિરો સોલ્યુશન્સ લિમિટેડ (ફડચામાં) ની માલિકીની સ્થાવર સંપત્તિનું વેચાણ.

| | |
|---|---|
| અરજી કરવાની અને દસ્તાવેજો રજૂઆત કરવાની છેલ્લી તારીખ | ૨૯મી ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ઈ-હરાજીની તારીખ અને સમય | ૧૫મી માર્ચ ૨૦૨૪, સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૧:૦૦ સુધી (દરેક ૫ મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે) |
| ઇ-હરાજી મંચ | https://www.eauctions.co.in |

(રૂ.માં)

| સંપત્તિ | સ્થળ | અનામત કિંમત | ઈએમડી | વધારાનું મૂલ્ય |
|---|---|---|---|---|
| વડોદરા કસ્બા ગામની સીમાના રેવન્યુ સર્વે નંબર ૬૩૧માં આવેલી બિનખેતીની ખુલ્લી જમીન સિટી સર્વે નંબર ૭૨૬/પૈકી અને ૭૨૯/પૈકી ધરાવતી ખાનગી રોડ સહિત લગભગ ૫૧૮૪ ચો. ફૂટમાં ફેલાયેલી છે. ('બુલેટ ટ્રેન પ્રોજેક્ટ' માટે લગભગ માપણી વિસ્તાર ૮૧૬ ચોરસ ફૂટ જમીનના સંપાદન પછી જમીનના ભાગની, કુલ જમીનમાંથી લગભગ ૬૦૦૦ ચોરસ ફૂટ અથવા ખાનગી રસ્તા સહિત) | શાસ્ત્રી બ્રિજ પાસે, ફતેગંજ, વડોદરા, ગુજરાત | ૧,૪૧,૭૫,૦૦૦/- | ૧૪,૧૭,૫૦૦/- | ૧,૦૦,૦૦૦ |

મહત્વપૂર્ણ નોંધો:
૧. વેચાણ "જેમ છે ત્યાં આધાર/જેમ છે તે આધાર/જે કંઈ પણ આધાર છે/કોઈ આધાર નથી."
૨. સંહિતા (સમય-સમય પર સુધાર્યા મુજબ) ની કલમ ૩૫ ની કલમ (1) ની પેટા-કલમ (f) ની જોગવાઈ મુજબ રસ ધરાવનાર બિડર બોલી રજૂઆત કરવાને પાત્ર રહેશે નહીં જો તે કોડની કલમ 29A ની શરતોમાં ઠરાવ અરજદાર બનવાને પાત્ર ન હોય.
૩. ઈ-ઓક્શનના નિયમો અને શરતો અને અન્ય વિગતો વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી છે એટલે કે, http://www.eauctions.co.in.

| | |
|---|---|
| ઈ-ઓક્શન એજન્સી (લિંકસ્ટાર ઈન્ફોસિસ પ્રાઈવેટ લિમિટેડ) વતી સંપર્ક વ્યક્તિ | શ્રી વિજય પીપળીયા અને શ્રી અહેમદ ઈમેલ: admin@eauctions.co.in, મો.: ૯૧ ૯૮૭૦૦૯૯૭૧૩ |
| લિક્વિડેટર વતી સંપર્ક વ્યક્તિ | શ્રીમાન સાહિલ કેશરી ઈમેલ: liquidation.sortindia@gmail.com, મો.: ૯૧ ૯૬૪૩૭૦૭૨૬૪ |

એસડી/-
સપન મોહન ગર્ગ, ફડચા અધિકારી
રજી. નંબર: IBBI/IPA-002/IP-N00315/2017-2018/10903 | એએફએ 20.12.2024 સુધી માન્ય છે
રજી. સરનામું: D-54, પ્રથમ માળ, ડિફેન્સ કોલોની, નવી દિલ્હી ૧૧૦૦૨૪
તારીખ: ૧૦/૦૨/૨૦૨૪ નોંધાયેલ ઈમેલ આઈડી: sapan10@yahoo.com
સ્થળ: નવી દિલ્હી પ્રક્રિયા ચોક્કસ ઈમેલ આઈડી: liquidation.sortindia@gmail.com;

# તમે સ્ટોક માર્કેટમાં રૂપિયાનું રોકાણ કરો છો? તો જાણો આ સપ્તાહે શેરબજારની ચાલ કેવી રહેશે



મુંબઈ,તા.૧૧

ગયા સપ્તાહે સેન્સેક્સ 490.14 પોઈન્ટ અથવા 0.67 ટકા તૂટ્યા હતા. નિફ્ટી 71.3 પોઈન્ટ અથવા 0.32 ટકા ઘટ્યો હતો. આ સપ્તાહે શેરબજારની દિશા વૈશ્વિક અને સ્થાનિક આર્થિક ડેટા, FII, DII, ક્રૂડ ઓઈલ રિઝર્વના રોકાણના વલણ પર આધારિત હશે.શેરબજારમાં નાના રોકાણકારોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. લોકો રૂપિયા કમાવવા માટે તેની બચતનું રોકાણ કરી રહ્યા છે. પરંતુ બજારનો તીવ્ર ઘટાડો તેને પરેશાન કરી રહ્યો છે. એક દિવસમાં સેન્સેક્સ ૧૨૦૦ પોઈન્ટ અને નિફ્ટી ૩૦૦ પોઈન્ટથી વધારે ઘટી રહ્યો છે. જેના કારણે નાના રોકાણકારોને નુકસાનીનો સામનો કરવો પડે છે. તેથી રોકાણકારોએ બજારની ચાલ પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

શેરબજારોની ચાલ મેક્રો ઈકોનોમિક ડેટા અને વૈશ્વિક વલણ દ્વારા નક્કી થશે. આ ઉપરાંત બજારના સહભાગીઓ FII ની ગતિવિધિઓ પર પણ નજર રહેશે. શેરબજારના નિષ્ણાતોના મતે, કંપનીઓના ત્રિમાસિક પરિણામની સિઝન હવે અંતિમ તબક્કામાં છે. તેથી બજારમાં સ્ટોક સ્પેસિફિક એક્ટીવિટી પણ જોવા મળશે. તમે સ્ટોક માર્કેટમાં રૂપિયાનું રોકાણ કરો છો? તો જાણો આ સપ્તાહે કેવી રહેશે શેરબજારની ચાલ ઔદ્યોગિક ઉત્પાદન (IIP) અને છૂટક મોંઘવારીના આંકડા ૧૨ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે.

**અમેરિકામાં બોન્ડ યીલ્ડ અને ડોલર ઈન્ડેક્સમાં થતી વધઘટ પર નજર રહેશે**

જથ્થાબંધ ભાવ સૂચકાંક આધારિત મોંઘવારીના ડેટા 14 ફેબ્રુઆરીએ જાહેર થશે. યુએસ રિટેલ મોંઘવારીના આંકડા 13 ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે અને રિટેલ વેચાણ ડેટા 15 ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે.

આ ઉપરાંત અમેરિકામાં બોન્ડ યીલ્ડ અને ડોલર ઈન્ડેક્સમાં થતી વધઘટ પર નજર રહેશે. ક્રૂડ ઓઈલના ભાવ અને સંસ્થાકીય રોકાણકારોનો પ્રવાહ પણ બજારના દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ રહેશે. સપ્તાહ દરમિયાન, NHPC, SAIL, મ્યુઝ્ઈન, હિન્દુસ્તાન કોપર, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને અન્ય કંપનીઓ પરિણામો જાહેર કરશે.

ગયા સપ્તાહે સેન્સેક્સ ૪૯૦.૧૪ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા તૂટ્યા હતા. નિફ્ટી ૭૧.૩ પોઈન્ટ અથવા 0.32 ટકા ઘટ્યો હતો. આ સપ્તાહે શેરબજારની દિશા વૈશ્વિક અને સ્થાનિક આર્થિક ડેટા, FII, DII, ક્રૂડ ઓઈલ રિઝર્વના રોકાણના વલણ પર આધારિત હશે.

GNFC
Gujarat Narmada Valley Fertilizers and Chemicals Limited
(An ISO 9001, ISO 14001, ISO 45001 & ISO 50001 Certified Company)
Regd. Office: P.O.Narmadanagar - 392015, Dist.: Bharuch (Gujarat), India
CIN: L24110GJ1976PLC002903 Website: www.gnfc.in

OPEN E-TENDER NOTICE ID-42455

| Name of the Work | Estimated Work Value |
|---|---|
| Miscellaneous Industrial Painting work at part area of Urea Plant, GNFC Bharuch. | Rs 43.03 lakhs (incl. GST) |

Last date and time for receipt of bids for above tenders is 19.02.2024 upto 16:00 hrs
For E-Tender, please log on https://www.nprocure.com
Contact :-E-mail id-akarora@gnfc.in,Phone no-02642-203422/2976

### વહેલી પરોઢે ભયાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો

# અંકલેશ્વરમાં વુડન પેકેજીંગ એકમમાં આગ

### આગને પગલે કંપનીમાં માલસામાન સહીત મશીનરીને મોટુ નુકશાન



અંકલેશ્વર,તા.૧૦

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતની વુડન પેકેજિંગ કંપનીમાં અગમ્ય કારણોસર એકાએક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી જવા પામી હતી.આગના ધૂમાડાના ગોટે ગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા. અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી જયંત પેકેજીંગ કંપનીમાં આજરોજ વહેલી પરોઢે ભયાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આ આગનું સ્વરૂપ એટલુ વિકરાળ હતુ કે તેના ધુમાડા પાંચ કિલોમીટર સુધી જોવા મળ્યા હતા.લાકડાના પેલેટ બનાવતી આ કંપનીમાં આગ લાગી હોવાની જાણ થતા જ અંકલેશ્વર,પાનોલી સહિતના ફાયર ફાયટરો આગ પર કાબુ મેળવવાની કામગીરીમાં લાગી ગયા હતા.વહેલી સવારે આ ભયનાક આગને પગલે અંકલેશ્વર વસાહતમાં નાસભાગ મચી જવા પામી હતી.આ આગની ઘટનામાં પાડોશી બે નાના એકમોમાં આગ પ્રસરી ગઈ હતી.અંકલેશ્વર ડીપીએમસી અને પાનોલી ડીપીએમસીના ફાયર ટેન્ડરો દ્વારા આગ ઉપર કાબુ મેળવવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો. લગભગ બે કલાકની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવાયો હતો. આગને પગલે કંપનીમાં માલસામાન સહીત મશીનરીને મોટુ નુકશાન પહોંચવા પામ્યુ હતુ. આ ઘટનાની જાણ થતાની સાથે જ જીપીસીબી, પ્રાંત અધિકારી, ફેક્ટરી ઈન્સ્પેક્ટર, પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

### ડેડીયાપાડાનો યુવક અને પાનસર ગામની યુવતીએ

# નાની સિંગલોટી ગામના જંગલમાં પ્રેમી પંખીડાનો આપઘાત : ચકચાર

### યુવક અને યુવતીના આત્મહત્યાનું ચોક્કસ કારણ હાલ જાણવા મળ્યું નથી

રાજપીપળા,તા.૧૦

ડેડીયાપાડાના બંગલા ફળિયાનો યુવક અને ડેડિયાપાડા તાલુકાના પાનસર ગામની યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ડેડિયાપાડા તાલુકાના નાની સિંગલોટી ગામના જંગલમાં જઈને યુવતીની ઓઢણીનો ગાળિયો બનાવી પ્રેમી પંખીડાએ એક સાથે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ડેડીયાપાડાના બંગલા ફળિયાનો મયુર રમેશ ભાઈ તડવી (ઉ.૨૦ વર્ષ) ડેડિયાપાડાના બજારમાં લારી લઈને મોબાઈલ અને મોબાઈલ સામાન વેચીને રોજગારી મેળવતો હતો.મયુર તડવીને ડેડીયાપાડાથી આઠ કિલોમીટર દૂર પાનસર ગામની સુનિતા દલસુખભાઈ વસાવા (ઉંમર વર્ષ આશરે ૨૦) વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. ત્યારે ૯ ફેબ્રુઆરીના દિવસના ૧૦ વાગ્યાના સમયે દેડિયાપાડા તાલુકાના નાની સિંગલોટી ગામના જંગલમાં બંને પ્રેમી પંખીડાએ ઓઢણીના બંને છોડાનો ગાળિયો બનાવી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.આ ઘટના બાદ ડેડીયાપાડા પોલીસ દ્વારા યુવક અને યુવતીના મૃતદેહને ડેડીયાપાડા સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યાં હતાં ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

**યુવક અને યુવતીના મૃતદેહને ડેડીયાપાડા સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યાં**

બંને યુવક અને યુવતીના આત્મહત્યાનું ચોક્કસ કારણ હાલ જાણવા મળ્યું નથી પરંતુ મયુર તડવી અને સુનિતા વસાવા વચ્ચે પ્રેમ સબંધ હતો.બંને આદિવાસી હતાં પણ બંનેવની અટક જુદી જુદી હોવાથી બંને આદિવાસી જાતિ વચ્ચે રોટી વ્યવહાર હોય છે પણ બેટી વ્યવહાર હોતા નથી.આ કારણસર કદાચ બંને સમાજના લોકો બંનેના લગ્ન નહીં કરવા દે એ તેમ વિચારી પ્રેમી પંખીડાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હોય એવી લોક ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

### કોર્ટની કાર્યવાહીથી નારાજ એલોને ૪૧૦૦ કિ.મી. દૂર નેવાડામાં બિઝનેસ શિફ્ટ કર્યો

# મસ્કે ડેલવેરથી ન્યુરાલિંકનો વેપાર બંધ કર્યો : ટેસ્લાને પણ ટ્રાન્સફર કરશે



ન્યૂયોર્ક, તા.૧૦

ટેસ્લા અને એક્સના માલિક એલોન મસ્કએ તેમની કંપની ન્યુરાલિંકનો સત્તાવાર વેપાર કે જે મગજ પ્રત્યારોપણપર કામ કરે છે, તેને ડેલવેરથી લગભગ 4,100 કિલોમીટર દૂર નેવાડામાં સ્થળાંતરિત કર્યો છે. મસ્કે આ નિર્ણય ટેસ્લામાં તેમનાપગાર અને ટ્વિટરની ખરીદી સંબંધિત કાયદાકીય કાર્યવાહીથી નારાજ થઈને લીધો છે. ન્યુરાલિંક પછી, મસ્કે ટેસ્લાનેપણ ડેલવેરમાંથી સત્તાવાર રીતે ટ્રાન્સફર કરવાની જાહેરાત કરી છે. કંપની દ્વારા શેરધારકોને મોકલવામાં આવેલી નોટિસ અનુસાર, મસ્કે 8 ફેબ્રુઆરીએ ન્યુરાલિંકની ઓફિસ શિફ્ટ કરી હતી. બ્લૂમબર્ગે આ માહિતી આપી છે.નોટિસમાં કંપનીના શેરધારકોને કહેવામાં આવ્યું છે કે ડેલવેર કોર્પોરેશનમાં તેમના બાકી શેર હવે નેવાડા કોર્પોરેશનમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આનાથી કંપનીમાં તેમના શેર અથવા હોલ્ડિંગને કોઈ અસર થશે નહીં.ગયા મહિને, 30 જાન્યુઆરીના રોજ ડેલવેર કોર્ટ ઓફ ચાન્સરી જજ કેથલીન મેકકોર્મિકે મસ્કનું $50 બિલિયન (આશરે રૂ. 4.15 લાખ કરોડ) પેકેજ રદ કર્યું હતું અને તેને અમાપ રકમ ગણાવી હતી અને તેને ૨૦૧૮થી મળેલો વધારાનોપગારપરત કરવાનો આદેશપણ આપ્યો હતો.કોર્ટના નિર્ણય બાદ એલોન મસ્કેપોતાના એક્સ હેન્ડલપર એક બાદ એક અનેકપોસ્ટ કરી હતી. એકપોસ્ટમાં તેણે લખ્યું, ક્યારેય ડેલવેર રાજ્યમાં તમારી કંપની ન બનાવો.અન્ય પોસ્ટમાં, મસ્કએ એકપોલ દ્વારા લોકોને પૂછ્યું કે શું ટેસ્લાએ તેનું મુખ્ય મથક બદલીને ટેક્સાસમાં કરી દેવું જોઈએ, જ્યાં તેનું ફિઝિકલી મુખ્ય મથક છે.કોર્ટે $50 બિલિયનનાપેકેજ પ્લાનને રદ કર્યાપછી, મસ્કે કહ્યું, ડેલવેરમાં તમારી કંપની ક્યારેય ન બનાવો. અન્યપોસ્ટમાં મસ્કે લખ્યું, મારા મતે કંપની નેવાડા અથવા ટેક્સાસમાં બનાવવી જોઈએ. અમેરિકાનું ડેલવેર ઘણી કંપનીઓના સત્તાવાર સેટઅપનું મુખ્ય સ્થાન છે. અમેરિકામાં સ્થપાયેલી 500 કંપનીઓમાંથી 70% થી વધુ અહીં નોંધાયેલ છે. કારણ કે, ડેલવેર કોર્ટ ખૂબ જ ઝડપથી કામ કરે છે. અહીંના ન્યાયાધીશોને વ્યવસાય સંબંધિત કાયદાઓની સારી સમજ છે. તેઓ જ્યુરી વિના મોટા બિઝનેસ સોદા અને મતભેદો સંભાળે છે. અન્ય દેશોની કંપનીઓપણ તેમની વ્યાપારી સમસ્યાઓના ઉકેલ માટે ડેલવેર જાય છે. ડેલવેરને અમેરિકાની કોર્પોરેશન કેપિટલપણ કહેવામાં આવે છે. ટેસ્લાના CEO એલોન મસ્કનું $50 બિલિયન (લગભગ 4.15 લાખ કરોડ) પેકેજ કોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યું છે. ડેલવેર કોર્ટ ઓફ ચાન્સરીના ન્યાયાધીશે મસ્કનોપેકેજ કોન્ટ્રાક્ટ રદ કર્યો અને કહ્યું કે કંપનીએ એ નક્કી કરવું જોઈએ કે મસ્ક અત્યાર સુધી મળેલો વધારાનોપગાર કેવી રીતેપરત કરશે.

### વૈશાલી ફાર્માની નાણાકીય વર્ષ ૨૪ના ત્રીજી ત્રિમાસિક આવકમાં નોંધપાત્ર ૩૭.૫૯%નો વધારો નોંધાયો

મુંબઈ, તા.૧૦

વૈશાલી ફાર્મા લિમિટેડ, ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોની વિવિધ શ્રેણીના ઉત્પાદન અને માર્કેટિંગમાં રોકાયેલ છે, તેણે નાણાકીય વર્ષ ૨૪ના ત્રીજા ત્રિમાસિક અને ૯માસિક માટેના તેના નૉન-ઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં, વૈશાલી ફાર્મા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી અતુલ વાસાણીએ જણાવ્યું, પ્રઅમને અમારા નાણાકીય વર્ષ ૨૪ના ત્રીજા ત્રિમાસિક પરિણામો શેર કરવામાં આનંદ થઈ રહ્યો છે, જે નવીનતા, ઉચ્ચ-ગુણવત્તાના ધોરણો અને મૂલ્યવાન ભાગીદારી દ્વારા વ્યૂહાત્મક વૈશ્વિક વિસ્તરણ પ્રત્યેની અમારી અડગ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. નોંધનીય છે કે, અમે અમારી નવીનતમ બ્રાન્ડ, «HealthE»ને એક ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી રજૂ કરી છે, જે જીવનને ઉન્નત બનાવે તેવા સ્વાસ્થ્ય અને સુખાકારી ઉકેલો પ્રદાન કરવા માટેના અમારા સમર્પણને દર્શાવે છે. વધુમાં, સીપીએચઆઈબાર્સેલોના (સ્પેન)માં અમારી સહભાગિતા વૈશ્વિક બજારમાં અમારા સક્રિય જોડાણને રેખાંકિત કરે છે. ન્યુટ્રાસ્યુટિકલ પ્રોડક્ટ્સ સેગમેન્ટ સહિત અમારા ચાલુ સહયોગ અને વ્યૂહાત્મક સાહસો અમને ભાવિ વૃદ્ધિ માટે તૈયાર કરે છે.

### સોલાર પેનલ લગાડી કરકસર કરવાનો પણ પ્રયાસ

# રાજપીપળા પાલીકાનું બાકી ૮ કરોડ રૂપિયા વીજ બીલ ભરપાઈ કરવા સરકારે સહાય કરી

રાજપીપળા,તા.૧૦

રાજપીપળા નગરપાલિકાનું ૮ કરોડ ૭૪ લાખ રૂપિયા લાઈટ બિલ બાકી હતું જેને લઈને વીજકંપની દ્વારા પાલિકાને નોટિસ પણ આપવામા આવી હતી.અગાઉ વીજકંપની દ્વારા પાલિકાનું વીજ જોડાણ કાપી નાખતા ગામમાં અંધારપટ પણ છવાયો હતો.રાજપીપળા નગરપાલિકા હાલ વીજબીલ ભરવા સક્ષમ ન હોવાથી સરકારે સહાયની રકમ આપી છે.

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા રાજપીપળા નગરપાલિકાને વીજ બિલ ભરવા માટે ૮ કરોડ ૭૪ લાખ રૂપિયાની લોન આપી છે, જે લોન પાલિકાએ ૧૦ હપ્તામાં ભરપાઈ કરવાની રહેશે.અત્રે એ ઉલ્લેખનિય છે કે વીજબીલ ભરપાઈ કરવા માટે સરકારે આપેલી રકમ જો અન્ય હેતુ માટે વાપરવામાં આવશે તો એની સંપૂર્ણ જવાબદારી જે તે ચીફ ઓફિસરની રહેશે.રાજપીપળા નગરપાલિકા દ્વારા જે તે વર્ષમાં લોનની ૧૦% જેટલી રકમ આ નિધિમાં પરત જમા નહીં કરાવે તેવી ઓછી ભરવાની રકમ વર્ષના અંતે નગરપાલિકાને ફાળવવામાં થતી બાકી ગ્રાન્ટમાંથી વસૂલ કરવામાં આવશે. આ અંગે રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસર રાહુલ ઢોડીયા જણાવ્યું હતું કે રાજપીપળા નગરપાલિકાના આવક સ્રોત ઓછા છે.શોપિંગ સેન્ટરના ભાડા, ઘર વેરા સહિતના અન્ય વેરાઓ થઈ વાર્ષિક આવક દોઢ કરોડ રૂપિયા થાય છે, અને ખર્ચાઓ પણ હોય છે એટલે લાઈટ બીલ ભરી નથી શકાતું નથી લાઈટ બિલ જે બાકી છે વોટર વર્ક્સ લાઈનનું છે.ત્યારે રાજપીપળા નગરપાલિકા દ્વારા સોલાર પેનલ લગાડી કરકસર કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે.

# ઈક્વિટીઝમાં દૈનિક સરેરાશ ટર્નઓવરમાં પણ હોંગકોંગ કરતાં ભારત આગળ



મુંબઈ, તા.૧૦

માર્કેટ કેપની દ્રષ્ટિએ હોંગ કોંગની ઈક્વિટી બજારનેપાછળ મૂકી દીધા બાદ હવે ભારતીય શેરબજારો દૈનિક સરેરાશ ટર્નઓવરમાંપણ હોંગકોંગ કરતા આગળ નીકળી ગયા છે. હોંગ કોંગ એકસચેન્જનું એક મહિનાનું દૈનિક સરેરાશ ટર્નઓવર જાન્યુઆરીમાં ૧૩.૧૦ અબજ ડોલર રહ્યું હતું જ્યારે ભારતના સ્ટોક એકસચેન્જો એનએસઈ તથા બીએસઈનું મળીને સંયુકત દૈનિક સરેરાશ ટર્નઓવર વધી ૧૬.૫૦ અબજ ડોલરનેપાર કરી ગયું છે. ગયા મહિને ભારતે હોંગ કોંગને માર્કેટ કેપની દ્રષ્ટિએપાછળ મૂકી ચોથો મોટો દેશ બની ગયો હતો. હોંગ કોંગ તથા ચીનના શેરબજારોની સરખામણીએ ભારતીય ઈક્વિટીઝમાં વૈશ્વિક રોકાણકારોનો રસ વધી રહ્યાના સંકેત મળી રહ્યા છે. ભારતની સરખામણીએ હોંગ કોંગ-ચીનની બજારો માટે રોકાણકારોની રુચી ઘટી રહ્યાનું જણાય છે એમ નોમુરાના એક વિશ્લેષકે જણાવ્યું હતું.ભારતીય શેરબજારોમાં ટૂંકા ગાળે ઘટાડો જોવા મળી શકે છે,પરંતુ ઘટાડે રોકાણકારોનું આકર્ષણ જોવા મળી શકે છે. ઊંચા સ્તરેથી અર્થતંત્રમાં પુનરાવર્તક (સાયકલિકલ) ધીમી ગતિ જેને કારણે આવકમાં સંભવિત ઘટાડો, બેક્ંિગ ક્ષેત્રમાં લિક્વિડિટીની તાણ, લોકસભાની ચૂંટણીપહેલા પ્રોફિટ બુકિંગ તથા ઊંચા મૂલ્યાંકનો જેવી બાબતો ભારતીય શેરબજારોમાં ટૂંકા ગાળા માટેપડકારરૂપ બની શકે છે એમ નોમુરા દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું છે. જાન્યુઆરીમાં ભારતમાં નવા ડીમેટ ખાતા ઉપરાંત વેપાર વોલ્યુમમાં વિક્રમી આંક જોવા મળ્યા હતા. સીડીએસએલ તથા એનએસડીએલના આંકડા પ્રમાણે જાન્યુઆરીમાં કુલ ૪૬.૮૪ લાખ નવા ડીમેટ ખાતા ખોલાયા છે.

### કોર્ટની કાર્યવાહીથી નારાજ એલોને ૪૧૦૦ કિ.મી. દૂર નેવાડામાં બિઝનેસ શિફ્ટ કર્યો

# મસ્કે ડેલવેરથી ન્યુરાલિંકનો વેપાર બંધ કર્યો : ટેસ્લાને પણ ટ્રાન્સફર કરશે

ન્યૂયોર્ક, તા.૧૦

ટેસ્લા અને એક્સના માલિક એલોન મસ્કએ તેમની કંપની ન્યુરાલિંકનો સત્તાવાર વેપાર કે જે મગજ પ્રત્યારોપણપર કામ કરે છે, તેને ડેલવેરથી લગભગ 4,100 કિલોમીટર દૂર નેવાડામાં સ્થળાંતરિત કર્યો છે. મસ્કે આ નિર્ણય ટેસ્લામાં તેમનાપગાર અને ટ્વિટરની ખરીદી સંબંધિત કાયદાકીય કાર્યવાહીથી નારાજ થઈને લીધો છે. ન્યુરાલિંક પછી, મસ્કે ટેસ્લાનેપણ ડેલવેરમાંથી સત્તાવાર રીતે ટ્રાન્સફર કરવાની જાહેરાત કરી છે. કંપની દ્વારા શેરધારકોને મોકલવામાં આવેલી નોટિસ અનુસાર, મસ્કે 8 ફેબ્રુઆરીએ ન્યુરાલિંકની ઓફિસ શિફ્ટ કરી હતી. બ્લૂમબર્ગે આ માહિતી આપી છે.નોટિસમાં કંપનીના શેરધારકોને કહેવામાં આવ્યું છે કે ડેલવેર કોર્પોરેશનમાં તેમના બાકી શેર હવે નેવાડા કોર્પોરેશનમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આનાથી કંપનીમાં તેમના શેર અથવા હોલ્ડિંગને કોઈ અસર થશે નહીં.ગયા મહિને, 30 જાન્યુઆરીના રોજ ડેલવેર કોર્ટ ઓફ ચાન્સરી જજ કેથલીન મેકકોર્મિકે મસ્કનું $50 બિલિયન (આશરે રૂ. 4.15 લાખ કરોડ)પેકેજ રદ કર્યું હતું અને તેને અમાપ રકમ ગણાવી હતી અને તેને ૨૦૧૮થી મળેલો વધારાનોપગારપરત કરવાનો આદેશપણ આપ્યો હતો.કોર્ટના નિર્ણય બાદ એલોન મસ્કેપોતાના એક્સ હેન્ડલપર એક બાદ એક અનેકપોસ્ટ કરી હતી. એકપોસ્ટમાં તેણે લખ્યું, ક્યારેય ડેલવેર રાજ્યમાં તમારી કપની ન બનાવો.અન્ય પોસ્ટમાં, મસ્કએ એકપોલ દ્વારા લોકોને પૂછ્યું કે શું ટેસ્લાએ તેનું મુખ્ય મથક બદલીને ટેક્સાસમાં કરી દેવું જોઈએ, જ્યાં તેનું ફિઝિકલી મુખ્ય મથક છે.

**અરજદાર તર્ફે વિ.વ.શ્રીઃ લક્ષ્મી કે.પારેખ** ફિ.પ.અ.નં. **904/2024**

**મે.વડોદરાના જ્યુડી. મેજી.ફ.ક.(મ્યુનિ) રીયા અગ્રવાલ સાહેબની કોર્ટમાં**

**અરજદારઃ બિન્દ સવિતા રામપતિ** રહે; ૫૫, શક્તિનગર,ડભોઈ રોડ,પ્રતાપનગર, વડોદરા.

સામાવાળાઃ જન્મ મરણ નોંધણી અધિકારી/સબ-રજીસ્ટ્રાર જન્મ-મરણ (આરોગ્ય શાખા) વડોદરા મહાનગર સેવાસદન, કેવડાબાગ,વડોદરા

**જાહેર નોટીસ** આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે; આ કામના અરજદારના પુત્રી નામે "**બિન્દ વર્ષાકુમારી શ્રીરામપથ**" નો **જન્મ** તા. 10 - 07 - 1997 ના રોજ માતાઃ સવિતા દ્વારા ૫૫,શક્તિ નગર,ગણેશનગર પાસે,ડભોઈ રોડ,પ્રતાપનગર, વડોદરા મુકામે થયેલ છે તે મતલબની નોંધણી સામાવાળાના **જન્મ** દફતરે કરાવવા માટે હાલની અરજ અત્રેની કોર્ટમાં ગુજારેલી છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે; સદર **જન્મ**ની નોંધ સામે કોઈને વાંધો કે રજુઆત હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન- ૩૦ ની અંદર** અત્રેની કોર્ટમાં નામદાર સમક્ષ હાજર રહી તેઓના લેખીત વાંધા રજુ કરવા, મુદતની અંદર કોઈ લેખીત વાંધા આવશે નહીં, તો અરજદારની માંગ્યા મુજબ **જન્મ** ની નોંધ અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

**આજે તા.૦૯ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.**

(હસમુખ એમ.ગોસાઈ) તૈયાર કરનાર | (મહેન્દ્ર કે.તડવી) મુકાબલ કરનાર | (આર.ડી.ખલાસ) સીની.ક્લાર્ક, મ્યુનિ.કોર્ટ, વડોદરા | કોર્ટનો સિક્કો

---

**PUBLIC SUMMONS**

**IN THE COURT OF HON'BLE 5th ADDI CIVIL JUDGE, AT VADODARA**

ROOM NO.C-18 2nd FLOOR, DIWALIPURA COURT, VADODARA

CMA SC/254/2023

**APPLICANTS:-**

1. JIGNESH MAHENDRA SHAH
2, Shivani Society, Besides IOCL Petrol Pump,
Opp taksh complex no 2, Vasna road Vadodara

2. KRISHNA MAHENDRA SHAH
2. Shivani Society, Besides IOCL Petrol Pump,
Opp taksh complex no 2, Vasna road Vadodara

**APPLICANT'S ADVOCATE: JAYDEEP MEHTA**
**(Gujarat High Court Code: 8530)**

Whereas the above named Applicants have filed an application in this court for issuance of succession certificate with respect to the fixed deposit of approximately Rs.2,70,163/- (Two Lakhs seventy thousand one hundred sixty three only) lying in PPF account State Bank of India, Alkapuri Branch, Vadodara, Gujarat State. You are hereby summoned to appear in this Hon'ble Court, in person or by pleader duly instructed and able to answer all materials questions relating to the suit, or who shall be accompanied by some other person able to answer all the questions, within 30 days to answer the claim and as the day fixed for your appearance is appointed for the final dispersed of the suit. You must be prepared to produce on that day all the witnesses upon whose evidence and all the documents upon which you intend to reply in support of your defense.
Take notice that, in default of your appearance on the day mentioned, the application/petition will be heard and determined in your absence.
Given under your hand & & the seal of the court ono 7 Feb, 2024

(N.N.Parikh) Assistant Prepared By | Court Stamp | (S.A.Rajat) Clark Compared By | I/C Registrar, Civil Court, Vadodara (M. A. Saiyad)

---

**મારુ નામ**
**શુભમ કુમાર ચુનીલાલ છાબરા માંથી બદલીને શુભમ ચુનીલાલ છાબરા કરેલ છે.**
**સી ૨૦૧ ડ્રીમલેન્ડ કોમ્પ્લેક્સ, માંજલપુર, વડોદરા .**

---

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**

તાંદલજા કોઠિયાપુરા થી પત્રકાર ચાર રસ્તા તરફ જતાં નવીન ડ્રેનેજ નલિકાનું જોડાણ પત્રકાર ચાર રસ્તાની વચ્ચે આવેલ ડ્રેનેજ લાઇન પરના મશીનહોલમાં જોડાણ કરવાની કામગીરી ઇજારદાર દ્વારા સ્થળે શરૂ કરવામાં આવેલ છે. કામગીરી માટે વાપરવામાં આવનાર મશીનરીઝ તથા મજુરો/કારીગરોની હેરફેર માટે, કામના મટીરીયલ રાખવા માટે કામગીરીની સરળતા તેમજ જરૂરીયાત મુજબ કામગીરી પૂર્ણ થતાં સુધી પત્રકાર ચાર રસ્તા સુધીનો રસ્તો વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે તા.૧૨.૦૨.૨૦૨૪ થી ૧૩.૦૨.૨૦૨૪ના રોજથી સંપૂર્ણ બંધ રહેશે. તથા અવર જવર માટે સાવચેતી પૂર્વક ઉપયોગ કરવાનો રહેશે .

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સાથ સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૧૪૭૧/૨૦૨૩-૨૪ કાર્યપાલક ઇજનેર(પ. ઝોન)

---

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તાબંધ અંગેની અગત્યની જાહેરાત**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, વડોદરા મહાનગરપાલિકાના પૂર્વ ઝોનમાં વહીવટી વોર્ડ નં. ૧૪(એન)માં રાવપુરામાં આવેલ રાવપુરા મુખ્ય રસ્તાથી જી.પી.ઓ. તરફ જતા ગંગા કલીનીક સુધી ડ્રેનેજ લાઇન નાખવાની હોવાથી તા.૧૨/૦૨/૨૦૨૪થી ચાર માસ સુધી તમામ ફોર વ્હીલર માટે સદર મેઇન રોડ રાવપુરા મુખ્ય રસ્તાથી જી.પી.ઓ. તરફ જતા ગંગા કલીનીક સુધી વાહનોની અવર જવર માટે બંધ રાખવામાં આવશે, તેમજ દ્વિચક્રીય વાહનોની અવર જવર માટે તબ્બકાવાર રસ્તો ચાલુ રાખવામાં આવશે. જેના વિકલ્પે જાહેર સલામતીને ધ્યાને લેતાં જાહેર જનતાને વૈકલ્પિક રસ્તા તરીકે રાવપુરાથી જી.પી.ઓ. બાજુ આવતાં રાહદારીઓને કોઠી થઇ મુખ્ય રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. કુબેરભવનથી ગંગા કલિનીક બાજુ આવતાં રાહદારીઓ તથા સ્થાનિક રહીશોને જંબુબેટ તરફ જતાં રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ સ્થાનિક રહીશો/રાહદારીઓને મુખ્ય રસ્તાથી જી.પી.ઓ. તરફ જતા ગંગા કલીનીક સુધી ડ્રેનેજ નળીકા નાખવાની કામગીરી દરમ્યાન આંતરિક રસ્તાઓને ઉપયોગ કરવાનો રહેશે. ઉપરોકત જાહેર સૂચનાને અનુસરવા તથા કામગીરીમાં સાથ સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી.આર.ઓ. નં. ૧૪૬૬/૨૦૨૩-૨૪ કાર્યપાલક ઇજનેર (પૂર્વ ઝોન)

---

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ટેન્ડર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૪૫૯/૨૩-૨૪ | પશ્ચિમ ઝોન | ૦૨ | ૫૯,૦૬,૬૪૨/- |
| ૨ | ૧૪૬૦/૨૩-૨૪ | પાણી પુરવઠા પ્રોજેકટ | ૦૧ | ૪૧,૮૬,૨૬૪/- |
| ૩ | ૧૪૬૧/૨૩-૨૪ | ડ્રેનેજ-વ.ગ.પ્રોજેકટ | ૦૧ | ૫૦,૦૦,૦૦૦/- |
| ૪ | ૧૪૬૨/૨૩-૨૪ | આઇ.ટી.ડિપાર્ટમેન્ટ | ૦૨ | ૪,૦૭,૬૦૦/- |
| ૫ | ૧૪૬૩/૨૩-૨૪ | સેન્ટ્રલ વર્કશોપ શાખા | ૧૨ | ૫,૬૮,૦૦૬/- |
| ૬ | ૧૪૬૪/૨૩-૨૪ | પશ્ચિમ ઝોન | ૦૪ | ૧,૯૮,૫૧,૯૯૪/- |
| ૭ | ૧૪૬૫/૨૩-૨૪ | પશ્ચિમ ઝોન | ૦૨ | ૬૦,૬૪,૦૦૦/- |
| ૮ | ૧૪૬૭/૨૩-૨૪ | સેન્ટ્રલ સ્ટોર | ૦૪ | ૧,૫૪,૮૦૦/- |
| ૯ | ૧૪૬૮/૨૩-૨૪ | સ્ટ્રીટ લાઇટ વિભાગ | ૦૧ | ૨,૫૦,૦૦,૦૦૦/- |
| ૧૦ | ૧૪૬૯/૨૩-૨૪ | પા.પુ.(વિતરણ) | ૦૫ | ૨,૫૦,૦૦,૦૦૦/- |
| ૧૧ | ૧૪૭૦/૨૩-૨૪ | પાણી પુરવઠા પ્રોજેકટ | ૦૧ | ૭,૭૧,૭૬,૦૧૯/- |
| ૧૨ | ૧૪૭૨/૨૩-૨૪ | બ્રિજ પ્રોજેકટ | ૦૧ | ૨૦,૦૩,૭૯,૬૨૯/- |
| ૧૩ | ૧૪૭૩/૨૩-૨૪ | બ્રિજ પ્રોજેકટ | ૦૨ | ૧૮,૫૨,૬૪૩/- |

**નોંધ: અ.નં. ૧,૨,૩,૬,૭,૯,૧૦,૧૧ અને ૧૨ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૪૭૪/૨૦૨૩-૨૪ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

# રાતા સમુદ્ર ક્ષેત્રની કટોકટી અને વેપાર લોજિસ્ટિક્સ પર અસરની સમીક્ષા કરાશે



નવી દિલ્હી, તા.૧૦

ઈરાન સમર્થિત યમનના હુથી બળવાખોરોએ લાલ સમુદ્રના વિસ્તારમાં વારંવાર જહાજોપર હુમલો કર્યો છે. જેના કારણે કોમર્શિયલ જહાજોને લાંબા રૂટની મુસાફરી કરવી પડે છે. આગામી સપ્તાહમાં લાલ સમુદ્ર ક્ષેત્રમાં ચાલી રહેલી કટોકટી અને વેપાર અને લોજિસ્ટિક્સપર તેની અસરની સમીક્ષા વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ) કરે તેવી શક્યતા છે તેમ આ બાબતથી વાકેફ સુત્રોએ જણાવ્યું હતું. વાણિજ્ય વિભાગના વરિ અધિકારીઓ આ મુદ્દે આગામી સપ્તાહમાં વડાપ્રધાન કાર્યાલયના અધિકારીઓને મળે તેવી શક્યતા છે. જો કે, વધતા ભાડા અને વીમા ખર્ચને કારણે નિકાસકારોને કોઈ ટેકો કે પ્રોત્સાહન મળવાની હાલ કોઈ શક્યતા નથી. આ સપ્તાહની શરૂઆતમાં વાણિજ્ય મંત્રાલયે અન્ય મંત્રાલયોના અધિકારીઓ સાથે એક બેઠકમાં ચર્ચા કરી હતી.

ઈરાન સમર્થિત યમનના હુથી બળવાખોરોએ લાલ સમુદ્રના વિસ્તારમાં વારંવાર જહાજો પર હુમલો કર્યો છે.

ઇન્સોલ્વન્સી એન્ડ બેકરપસી કોડ, ૨૦૧૬ હેઠળ સંપત્તિના વેચાણ માટેની સૂચના

**સોર્ટ ઈન્ડિયા એન્વિરો સોલ્યુશન્સ લિમિટેડ (લિક્વિડેશનમાં)**

(માનનીય NCLT, અમદાવાદ બેંચના ૨૫.૦૮.૨૦૨૨ ના આદેશ દ્વારા લિક્વિડેશન પ્રક્રિયા હેઠળની કંપની)

કંપનીની ઓફિસઃ "શંકરવાડી", શાસ્ત્રી બ્રિજ પાસે, નવા યાર્ડ રોડ, ફતેગંજ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૨

ઈન્સોલ્વન્સી એન્ડ બેકરપસી કોડ, ૨૦૧૬ ("સંહિતા") હેઠળ, માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેંચ દ્વારા નિયુક્ત લિક્વિડેટર દ્વારા, ફડચા સંપત્તિનો ભાગ બનતી સોર્ટ ઈન્ડિયા એન્વિરો સોલ્યુશન્સ લિમિટેડ (ફડચામાં) ની માલિકીની સ્થાવર સંપત્તિનું વેચાણ.

| | |
|---|---|
| અરજી કરવાની અને દસ્તાવેજો રજૂઆત કરવાની છેલ્લી તારીખ | ૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૪ |
| ઈ-હરાજીની તારીખ અને સમય | ૧૫મી માર્ચ ૨૦૨૪, સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૧:૦૦ સુધી (દરેક ૫ મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે) |
| ઇ-હરાજી મંચ | https://www.eauctions.co.in |

(રૂ.માં)

| સંપત્તિ | સ્થળ | અનામત કિંમત | ઈએમડી | વધારાનું મૂલ્ય |
|---|---|---|---|---|
| વડોદરા કસ્બા ગામની સીમાના રેવન્યુ સર્વે નંબર ૯૩૧માં આવેલી બિનખેતીની ખુલ્લી જમીન સિટી સર્વે નંબર ૭૨૬/પૈકી અને ૭૨૯/પૈકી **ધરાવતી ખાનગી રોડ સહિત લગભગ ૫૧૮૪ ચો. ફૂટમાં ફેલાયેલી છે.** ('બુલેટ ટ્રેન પ્રોજેક્ટ' માટે લગભગ માપણી વિસ્તાર ૮૧૬ ચોરસ ફૂટ જમીનના સંપાદન પછી જમીનના ભાગની, કુલ જમીનમાંથી લગભગ ૬૦૦૦ ચોરસ ફૂટ અથવા ખાનગી રસ્તા સહિત) | શાસ્ત્રી બ્રિજ પાસે, ફતેગંજ, વડોદરા, ગુજરાત | ૧,૪૧,૭૫,૦૦૦/- | ૧૪,૧૭,૫૦૦/- | ૧,૦૦,૦૦૦ |

**મહત્વપૂર્ણ નોંધોઃ**
૧. વેચાણ **"જેમ છે ત્યાં આધાર/જેમ છે તે આધાર/જે કંઈ પણ આધાર છે/કોઈ આધાર નથી."**
૨.સંહિતા (સમય-સમય પર સુધાર્યા મુજબ) ની કલમ ૩૫ ની કલમ (1) ની પેટા-કલમ (f) ની જોગવાઈ મુજબ રસ ધરાવનાર બિડર બોલી રજૂઆત કરવાને પાત્ર રહેશે નહીં જો તે કોડની કલમ 29A ની શરતોમાં ઠરાવ અરજદાર બનવાને પાત્ર ન હોય.
૩. ઈ-ઓક્શનના નિયમો અને શરતો અને અન્ય વિગતો વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી છે એટલે કે, **http://www.eauctions.co.in.**

| | |
|---|---|
| ઈ-ઓક્શન એજન્સી (લિંકસ્ટાર ઈન્ફોસિસ પ્રાઈવેટ લિમિટેડ) વતી સંપર્ક વ્યક્તિ | શ્રી વિજય પીપળીયા અને શ્રી અહેમદ ઈમેલઃ admin@eauctions.co.in, મો.: ૯૧ ૯૮૭૦૦૯૯૭૧૩ |
| લિક્વિડેટર વતી સંપર્ક વ્યક્તિ | શ્રીમાન સાહિલ કેશરી ઈમેલઃ liquidation.sortindia@gmail.com, મો.: ૯૧ ૯૬૪૩૭૦૭૨૬૪ |

એસડી/-
સપન મોહન ગર્ગ, ફડચા અધિકારી
રજી. નંબરઃ IBBI/IPA-002/IP-N00315/2017-2018/10903 | એએફએ 20.12.2024 સુધી માન્ય છે
રજી. સરનામું: D-54, પ્રથમ માળ, ડિફેન્સ કોલોની, નવી દિલ્હી ૧૧૦૦૨૪
તારીખઃ ૧૦/૦૨/૨૦૨૪ નોંધાયેલ ઈમેલ આઈડીઃ sapan10@yahoo.com
સ્થળઃ નવી દિલ્હી પ્રક્રિયા ચોક્કસ ઈમેલ આઈડીઃ liquidation.sortindia@gmail.com;